ગાંધીનગર સમાચાર

પ્રવેશોત્સવમાં અપરંપાર સૂચનાઓથી તંત્ર મુંઝવણમાં



સ્કૂલને કોર્પોરેટ લૂક - સેક્ટર-૭ની સરકારી માધ્યમિક શાળાના નવનિર્મિત સંકુલને કોર્પોરેટ લૂક અપાયો છે... શહેરની સરકારી શાળાઓમાં અદ્યતન સુવિધા સાથેનું સંકુલ સરદાર પટેલ વિદ્યામંદિર બનશે... સેક્ટર-૭ના ધમધમતા વિસ્તારમાં બાળકો માટેની આ સુવિધા શૈક્ષણિક વિકાસનું એક ઉમદા પગલું બની રહેશે... સવાલ એ છે કે આ શાળામાં ભણવા માટે વિદ્યાર્થીઓની સંખ્યા પર્યાપ્ત બને અને સુવિધાનો લાભ મેળવે એ જરૂરી છે... શિક્ષકો નિષ્ઠાપૂર્વક શિક્ષણ આપે અને વિદ્યાર્થીઓ નિષ્ઠાપૂર્વક શિક્ષણ પ્રાપ્ત કરે તો સુવિધાસભર સંકુલ સાચા અર્થમાં વિદ્યામંદિર બની રહેશે...

શહેરમાં ગરમીનો પ્રકોપ પુનઃ વધ્યો

એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો વધારો નોંધાયો : એકનું મૃત્યુ : આખો દિવસ લુ ફુંકાતા જનજીવન અસ્તવ્યસ્ત

ગાંધીનગર, તા. ૪

ગરમીનો પ્રકોપ પુનઃ વધવા માંડ્યો છે. છેલ્લા બે દિવસથી વધી રહેલી ગરમી આજે ૪૩.૫ ડિ.સે. સુધી પહોંચી જતાં જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી રહી છે. આકરી ગરમીના કારણે માર્ગો સુમસામ બની ગયા હતા. તો બીજી તરફ શહેરના સે. ૧૫ નજીક માર્ગ પરથી બપોરે એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. તેનું મૃત્યુ ગરમીથી થયું હોવાની આશંકાને પગલે પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી આપ્યો છે.

આ વર્ષે ગરમીનો પ્રકોપ ખુબ વધારે રહ્યો છે. હજુ પંદર દિવસ પહેલાં જ ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત તીવ્રહીટવેવની અસર હેઠળ આવી ગયું હતું. ઉત્તર ગુજરાતના ઘણા શહેરોમાં મહત્તમ તાપમાન ૪૫-૪૮ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જોકે છેલ્લા દસેક દિવસથી ગરમીથી થોડીક રાહત મળી હતી પરંતુ આજે તે રાહત પુનઃ છીનવાઈ ગઈ હોય તેવુ લાગી રહ્યું છે. હજુ ચોમાસુ બેસવાને ઘણીવાર છે ત્યારે એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં દોઢ થી બે ડિગ્રી જેટલો વધારો થતાં મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. વહેલી સવારથી જ આકરો તડકો પડવા માંડ્યો હતો. આકરા તડકાના કારણે સવારે ૧૧ વાગ્યાથી જ જાણે લુ નુ આક્રમણ શરૂ થઈ ગયું હતું. અંગ દઝાડતા તાપની

● અનુસંધાન પાન-૭ પર

પ્રવેશોત્સવમાં અપરંપાર સૂચનાઓથી તંત્ર મુંઝવણમાં

ગાંધીનગર, તા. ૪

૨૦ ટકાથી વધુ માધ્યમિક શાળા ડ્રોપઆઉટ ધરાવતી તેવી તેમજ પાંચ ટકાથી વધુ ડ્રોપઆઉટ ધરાવતી પ્રા. શાળાઓમાં પ્રવેશોત્સવના કાર્યક્રમમાં અગ્રતા આપવાની સરકારની સૂચનાને લઈ જિલ્લા તંત્ર દ્વારા હવે પ્રવેશોત્સવના રૂટ નિયત કરવા અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગુણોત્સવ-૬ના પરિણામમાં પણ સી અને ડી ગ્રેડની શાળાઓને પણ અગ્રતા યાદીમાં સમાવવાની સૂચના રાજ્યના શિક્ષણ વિભાગે આપી છે.

શિક્ષણ વિભાગ દ્વારા સતત સૂચનાઓનો મારો અત્યારે ચાલી રહ્યો છે. આ વખતે પ્રવેશોત્સવની સાથે મીની ગુણોત્સવનું પણ આયોજન કરાયુ હોવાથી તંત્ર દ્વારા રૂટો નિયત કરવામાં ભારે કવાયત કરવી પડી રહી છે. શિક્ષણ વિભાગે અગાઉ ૯ વાગે પ્રવેશોત્સવ શરૂ કરવાની આપેલી સૂચનામાં પણ સુધારા કરી અને હવે સવારે ૮ વાગ્યાથી પ્રવેશોત્સવ શરૂ કરવાની સૂચનાઓ જારી કરી છે.

શિક્ષણ વિભાગ દ્વારા ગુણોત્સવ-૬નું પરિણામ વિધિવત્ જાહેર કરવાનું ટાળી સીધેસીધુ શાળાઓને જ તેના રિપોર્ટ કાર્ડ મોકલ્યા હોવાનું પણ જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે શિક્ષણ વિભાગ દ્વારા આ પ્રવેશોત્સવની સાથે સાથે બાળકના સ્થાયીકરણ તેમજ ગુણવત્તાસભર શિક્ષણ પર વિશેષ ભાર મુકવાને કારણે પણ આ ગુણોત્સવ નવતર બનશે એટલુ જ નહિ માધ્યમિક શાળાઓમાં પણ પ્રવેશોત્સવની ઉજવણી કરવાના નિર્ણયને લઈ તંત્રમાં આંતરિક દોડધામ વધી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાવાર અધિકારીઓ ની ફાળવણી શરૂ કરી દેવામાં આવી છે જેમાં સનદી અધિકારીઓ ઉપરાંત આઈ.પી.એસ. અધિકારીઓ તેમજ સચિવાલયના પણ ઉપ સચિવ અને નાયબ સચિવ સંવર્ગના

● અનુસંધાન પાન-૭ પર

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ચ-માર્ગ પર આજે રોપાઓની વાવણી કરાશે

પીળા રંગના ફ્લરકોડ પ્રમાણે રોપાઓની વાવેતર થશે

ગાંધીનગર તા ૪

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આજે વન તંત્ર દ્વારા શહેરના ચ માર્ગ પર વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવશે.ફ્લરકોડ પ્રમાણે ચ માર્ગ પર પીળા રંગના ફુલો નિખરે તે માટે અર્જુન ટીકોમા અને ગરમાળાના રોપાઓની વાવણી કરાશે. આગામી ચોમાસા દરમિયાન શહેરમાં ૨૫ હજાર રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરાયુ છે. ત્યારે વિશ્વ પર્યાવરણ દિવસથી વન તંત્ર દ્વારા રોપાઓની વાવણી કરાશે.

શહેરમાં વિકાસના નામે સેંકડો વૃક્ષોની કટોતી થતા ગ્રીન સીટી બનતુ જતુ હોવાનો આક્રોશ પ્રવર્તયો છે. વન તંત્ર દ્વારા આગામી ચોમાસા દરમિયાન પણ શહેરમાં રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરી દેવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ચોમાસામાં જમીનદોસ્ત વૃક્ષો દુર કરવા સંતરામપુરની ટીમ આવશે

ચોમાસુ માથે છે. ત્યારે શહેરમાં એકબાજુ વન તંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી માટે આયોજન કરવામાં આવી રહયુ છે. રોપાઓની વાવણી માટે ખાડા ખોદી નાંખવામાં આવ્યા છે. આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વન તંત્ર દ્વારા ચ માર્ગ પરથી રોપાઓની વાવણી શરૂ કરી દેવાશે. વધુમાં ચોમાસા દરમિયાન હરિયાળી વનરાજીથી ઘેરાયેલા શહેરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક વિસ્તારમાં ઠેર ઠેર વૃક્ષો જમીન દોસ્ત થતા હોવાનુ પ્રકાશમાં આવે છે. ગત ચોમાસામાં પણ તોફાની વરસાદ દરમિયાન શહેરમાં સંખ્યાબંધ વૃક્ષો ધરાશાયી થયા હતા. જયારે આગામી ચોમાસા દરમિયાન પણ વૃક્ષો જમીનદોસ્ત થવાની ઘટના દરમિયાન વન તંત્ર દ્વારા મજુરોની ટીમ સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે. આ માટે સંતરામપુરથી ૨૦ મજુરોની ટીમ બોલાવવામાં આવી છે. આ મજુરો દિવાળી સુધી પાટનગરમાં જ રહેશે અને વૃક્ષો જમીનદોસ્ત થયા હોય તેવા કીસ્સામાં કામે લાગશે.

ગાંધીનગર શહેરમાં હવાનુ પ્રદૂષણ ગંભીર સમસ્યા બની ઉભરી રહેલ છે

ગાંધીનગર, તા. ૪

હરિયાળા પાટનગરની ઓળખ ધરાવતા ગાંધીનગર શહેરમાં જ સૌથી વધુ હવાનું પ્રદૂષણ જોવા મળી રહ્યું છે અને તેને નાથવાના પ્રયાસોમાં તંત્ર ઉણુ ઉતરી રહ્યાનો વસવસો પાટનગરવાસીઓ અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં સૌથી વધુ હવાનુ પ્રદૂષણ જુના સેક્ટરો તેમજ સે. ૧૩ અને તેની આસપાસના વિસ્તારોમાં જોવા મળી રહ્યુ છે. કેટલીકવાર તો સે. ૧૩માં હવાનુ પ્રદૂષણ એટલી બધી માત્રામાં સાંજના સુમારે જોવા મળે છે કે વાહનચાલકોને ફરજીયાત હેડલાઈટ ચાલુ કરી સેક્ટરમાં જવું પડે છે.

ગાંધીનગરના સીમાડે આવેલ થર્મલ પાવર સ્ટેશનમાંથી નીકળતી એશના રજકણો સે. ૨૮, ૨૯, ૩૦, ૨૦, સે. ૨૨ના ઘ-૬ની આસપાસના વિસ્તારો સુધી પ્રસરતુ જોવા મળી રહ્યું છે. આ સેક્ટરોના ધાબા પર જઈએ તો ખબર પડે કે આ એશનું પ્રદૂષણ કેટલી માત્રામાં વ્યાપેલુ છે.

સે. ૧૩માં આવેલ સ્લમ વિસ્તારમાં સાંજના સુમારે શ્રમજીવી પરિવારો દૈનિક રોજગારી મેળવી ઘરે આવી રસોઈના સાધનોમાં ઘરગથ્થુ સંશાધનોનો ઉપયોગ કરતા હોય છે. અને તેના ધુમાડા તેમજ સેક્ટરોમાં ઘન કચરો બાળવાની ઘટનાઓથી થતા ધુમાડા હવે સામાન્ય બની ગયા છે.

ગાંધીનગર શહેરની કામચલાઉ લેન્ડફિલ્ડ સાઈટ જે છે તેમાં પણ કચરાના નિકાલ માટેની પદ્ધતિઓનું અમલીકરણ થતુ હોય તેવુ જણાતુ નથી એટલે જ અહિ મોડી સાંજે ધુમાડાનું સામ્રાજ્ય જોવા મળે છે.

ગાંધીનગરમાં હવાના પ્રદૂષણને નાથવા માટેનો એકશન પ્લાન માત્ર ને માત્ર કાગળ પર જ જોવા મળે છે. વાહનોના ધુમાડાથી થતા પ્રદૂષણની માત્ર પણ અલગ હોય છે.

બેસણું / પદ્યડી

દુઃખદ સાથે જણાવવાનું કે
મારા પતિ શ્રી લખમીચંદ નાનીકરામ લાલવાણીનું
તા.૦૩-૦૬-૨૦૧૬ના રોજ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું (સાંજે ૪:૩૦ થી ૬:૩૦) / પદ્યડી (૬:૩૦ કલાકે) રવિવાર તા.૫-૬-૨૦૧૬ને નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : કડવા પાટીદાર સમાજ હોલ, શ્રી ઉમિયા માતાજી મંદિર, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

કવીતા લખમીચંદ લાલવાણી (પત્ની)

પ્રેમત લખમીચંદ લાલવાણી (પુત્ર)	હર્ષદ લખમીચંદ લાલવાણી (પુત્ર)
સંગીતા પ્રેમત લાલવાણી (પુત્રવધુ)	પ્રિયા હર્ષદ લાલવાણી (પુત્રવધુ)
પ્રિતી ગીરીશ જશનાની (પુત્રી)	શ્રીચંદ નાનીકરામ લાલવાણી (ભાઈ)
ગીરીશ મોહન જશનાની (જમાઈ)	સત્યવતી શ્રીચંદ લાલવાણી (ભાભી)

જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર આશિષ પ્રેમશંકર ભટ્ટ એડવોકેટ તે અમારા અસીલ શ્રી નામે પ્રહલાદભાઈ ઝવેરભાઈ સુવાલીયા તથા તેમના પત્ની નામે જ્યોત્સનાબેન પ્રહલાદભાઈ સુવાલીયા, રહે. બ્લોક નં. ૧૯૧, ડબલ ડેકર, સેક્ટર નં.૨૪, ગાંધીનગરનાઓની સુચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે...

અમારા અસીલ શ્રીના પુત્ર નામે અમિતભાઈ પ્રહલાદભાઈ સુવાલીયા કે જેઓ અમારા અસીલશ્રીના કહ્યામાં છેલ્લા ઘણા સમયથી નથી, અમારા અસીલશ્રીના તેમજ તેમના પરિવારના કહ્યામાં નથી. તેમજ તેઓ પોતાની રીતે મનફાવે તેમ સ્વૈચ્છિક જીવન જીવી રહેલ છે. અમારા પુત્ર અમિતભાઈ પ્રહલાદભાઈ સુવાલીયા કે જેઓ તા. ૨/૬/૨૦૧૬ના રોજ ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યા ગયેલ છે. જેથી તેની સાથે હવે પછી અમારા અસીલશ્રીના પુત્ર સાથે કોઈ સંબંધ નથી. તેમજ અમારા અસીલશ્રીના પુત્રને તમામ સ્થાવર તેમજ જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે અને તેની સાથે કોઈપણ જાતના વ્યવહાર કરવા કે કરાવવા નહી અને જો કોઈ વ્યવહાર કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યવહાર કરનાર વ્યક્તિની રહેશે તેમજ તેની કોઈ જવાબદારી અમારી રહેશે નહિ, જેથી આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ. જેની ગંભીર નોંધ લેશો.

તારીખ : ૪-૬-૨૦૧૬
સ્થળ : ગાંધીનગર

સહી/-
(આશિષ પ્રેમશંકર ભટ્ટ) - એડવોકેટ
પ્લોટ નં. ૭૫૪, વાસ્તુનિર્માણ સોસાયટી, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર. -૩૮૨૦૨૧
મો. ૯૮૨૪૬૧૧૪૦૪, ૯૬૮૭૧૩૫૧૧૮

અમારા અસીલની સુચના અને ફરમાઈશથી
સહી/-
(પ્રહલાદભાઈ ઝવેરભાઈ સુવાલીયા)

૧૧ જિલ્લાઓમાં સાયક્લોન શેલ્ટર બનાવાશે

અમદાવાદ,તા. ૪

રાજ્યના દરિયા કિનારે ગુજરાતના ૧૧ જિલ્લામાં સાયક્લોન શેલ્ટર બનાવવામાં આવશે. વાવાઝોડાના જોખમને ચોમાસા દરમિયાન ઘટાડવામાં આવશે. આનાથી ખુબ મોટો ફાયદો થાય તેવી શક્યતા છે.

રાજ્યના દરિયાકાંઠાના ૧૨૦ જેટલા સંવેદનશીલ ગામોને અલગ તારવવામાં આવ્યા છે. હવે અહીં ચોમાસા દરમિયાન વાવાઝોડાના જોખમને ઘટાડવા માટે શેલ્ટર બનાવાશે. પરિણામ સ્વરુપે આ વિસ્તારના લોકોને અન્યત્ર સ્થળાંતર કરવું નહીં પડે બલ્કે તેમને આવા સુરક્ષિત શેલ્ટરોમાં રાખી શકાશે. આવા શેલ્ટરોના ગઠન અને જાળવણી નિભાવ માટે સરકારે સાયક્લોન શેલ્ટર મેનેજમેન્ટ એન્ડ મેન્ટેનન્સ કમિટિની પણ રચના કરવાનું નક્કી કર્યું છે. સરકારે તેના આ નિર્ણયની નોંધમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં છેલ્લા ૧૨૦ વર્ષથમાં બંગાળની ખાડી અને અરેબિયન સમુદ્રમાં ઉદ્‌ભવેલા ૩૦ જેટલા વાવાઝોડાના કારણએ રાજ્યના દરિયાકાંઢાના વિસ્તારોમાં મોટું નુકસાન થવા પામ્યું હતું. હવે આવી અસરને ખાળવા માટે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને વિશ્વ બેંકની સહાયથી નેશનલ સાયક્લોન રિક્સ મિટિગેશન પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે.

ઈન્દ્રોડામાં મંદિર ફરતેના પેવર બ્લોક પર બુલડોઝર ફેરવી દેવાતા ગ્રામજનો આગબબુલા

દબાણ દુર કરવાના મામલે અધિકારીઓની ચુપકીદી : ચાંપતા પોલીસ બન્દોબસ્ત વચ્ચે કામગીરી આટોપી લેવાઈ

ગાંધીનગર તા ૪

ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા ગામમાં બળિયાદેવના મંદિર પાસે પેવર બ્લોક તોડવા માટે અધિકારીઓના કાફલા અને પોલીસ બન્દોબસ્ત વચ્ચે જે સી બી મશીન ફેરવી દેવાયુ હતુ. ગ્રામજનોમાં ઉગ્ર આક્રોશ પ્રવર્તયો હતો. અગાઉ કોર્પોરેશન દ્વારા પેવર બ્લોકનુ કામ કરવામાં આવ્યુ હતુ જયારે વી વી આઇ પી માર્ગ પર સ્થિત આ મંદિર ફરતે પેવર બ્લોકના મામલે સફાળા જાગેલા તંત્ર દ્વારા આજે જે સી બી મશીન ફેરવી દેવાયુ હતુ. ગ્રામજનોના આક્રોશને ધ્યાને લઈ ચાંપતા પોલીસ બન્દોબસ્ત વચાળે આ કામગીરી આટોપી લેવામાં આવી હતી. જો કે પેવર બ્લોક પર દબાણના નામે બુલડોઝર ફેરવી દેવાની ઘટના અંગે અધિકારીઓએ ચુપકીદી સેવી હતી.

શહેરના ઈન્દ્રોડા ગામમાં સ્થિત બળિયાદેવના મંદિર ફરતે પેવર બ્લોક પર આજે તંત્ર દ્વારા જે સી બી ફેરવી દેવાયુ હતુ. માર્ગ મકાન વિભાગની જગ્યામાં વર્ષોથી સ્થિત આ મંદિર ફરતે અગાઉ પેવર બ્લોકનુ કામ કરવામાં આવ્યુ હતુ.જયારે અચાનક જ આ જ પેવર બ્લોક યુધ્ધના ધોરણે દુર કરવા માટે આજે તંત્રની ટીમ કામે લાગી હતી. વી વી આઇ પી માર્ગ હોવાથી આ ઠેકાણે ભવિષ્યમાં કોઈપણ પ્રકારનુ બાંધકામ થાય તો નુકશાનકારક સાબિત થાય તે વાતને ધ્યાને લઈ મંદિર ફરતેના પેવર બ્લોકને દુર કરવા માટે આજે દબાણતંત્ર સાથે માર્ગ મકાન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. આ તબક્કે કલેકટર કચેરીના અધિકારીઓની સાથે ચાંપતો પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

વેચવાની છે
ઈન્ડીગો - ગાંધીનગર ટેક્ષી પાસીંગ ૨૦૧૪
સંપર્ક : ૯૮૨૫૮ ૫૭૦૯૪

ઈન્વેસ્ટરની જરૂર છે
વાર્ષિક ૧૫% ગેરેન્ટેડ રીટર્ન, અથવા ૫ વર્ષે ડબલ ગેરેન્ટીથી
મો. : ૯૮૨૪૯ ૪૧૭૧૦

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી મંડળી લીમીટેડ
સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર. ટેલીફોન (૦૭૯) ૨૩૨૨૦૫૨૫
ઓફીસ સમય : સવારે ૮-૩૦ થી ૧૨-૦૦ સાંજે ૨-૦૦ થી ૫-૩૦
તુટેલા ક્રેટ વેચવાનાં છે
મંડળીના દૂધ વિતરણમાં ઉપયોગમાં લેવાયેલ અને તૂટેલાં પ્લાસ્ટીકનાં ક્રેટ વેચવાના છે. મંડળીની ઓફીસમાં ટેન્ડર ડીપોઝીટ રૂ.૨૦૦૦/- (બે હજાર) રોકડા જમા કરાવીને રૂપિયા એકસો ટેન્ડર ફી ભરીને રસ ધરાવતી પાર્ટીઓને તા. ૧૦/૬/૨૦૧૬ના રોજ સાંજના ૫-૦૦ કલાક સુધીમાં ભાવ ભરીને ટેન્ડર ફોર્મ મંડળીમાં જમા કરાવવા જણાવવામાં આવે છે. (ક્રેટનો કલર-લાલ, ૧ ક્રેટનું વજન-૧૨૦૦ ગ્રામ, અંદાજીત ક્રેટની સંખ્યા ૮,૦૦૦ નંગ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ કેટરીંગ લાઈટીંગ ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com